# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૫ • તા.૧૮ નવેમ્બર થી ૨૪ નવેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.








# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

# અમારી વાત...

સંપાદક સ્થાનેથી

# મૌન એટલે અવ્યક્ત ભાષા


અનુભવીઓએ જણાવે છે કે મૌન રહેવાથી અદ્ભૂતિ શક્તિ સંચય થાય છે. જ્યારે મૌન રહીએ છીએ ત્યારે વિચારવાનું બંધ કરતાં નથી. માત્ર વાણીને વાચાને પ્રગટ કરવાનું બંધ કરીએ છીએ. એટલે વાચા વિલાસથી જે શક્તિનો વ્યય થાય છે તે આંતરિક રીતે શક્તિ સંચિત કરે છે. આમ મૌન રાખવાથી આંતરિક તાકત વધે છે. ઘણા લોકો દર અઠવાડિયે એક દિવસ મૌન વ્રત ધારણ કરે છે, તો કોઈ વાર તહેવાર પ્રસંગે દાતઃ નવરાત્રિના દિવસોમાં ઉપવાસ સાધના કરતાં મૌનવ્રત ગ્રહણ કરે છે. તો જૈન ધર્મી પર્યુષણ પર્વમાં તપ ધર્મ આરાધના સાથે મૌન વ્રત ધારણ કરી અંતર તપોબળ વધારી ઉર્જાનું સંચય કરે છે. મૌન રહેવું એ તપ કે સાધના કરવા બરાબર છે. ઉપવાસમાં જેમ આહારની બંધી છે એમ મૌન એ વ્યય વાણી વિલાસ માટેનો પ્રતિબંધ છે. જે અંતરમન માટે સફાઈનું કામ કરે છે.

મૌનની વિશેષતા બતાવતી એક ઊકિત છે ‘નવ બોલવામાં નવ ગુણ’ એની વિરૂધાર્થી કહેવત છે, ‘બોલે એના બોર વહેંચાય.’ સતત બોલ બોલ સાંભળવાથી જેમ માનસિક ત્રાસ થાય છે. મગજની કમાન છટકી જાય એવી પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે સતત મૌન, નિરવ શાંતિ અને એકાંતથી સર્જન પ્રક્રિયાનો માહોલ મળે છે. જેમાં એકચિતથી સર્જન શક્તિ મળે છે, કૃતિ સર્જવા માટેની પ્રેરણા મળે છે. બેફામ બોલવું, બેધડક બોલવું ગમે તેમ બોલવું, નાના મોટાની આમન્યા જાળવ્યા વગર બોલવું એ નુકસાન તો કરાવે છે. સાથે સાથે ક્લેશ વેરઝેર સર્જે છે. એટલે વાણી પર અંકુશનું કામ મૌન કરે છે. મૌન એ વાણી માટેનું સ્પીડ બ્રેકર છે. જેના લીધે ગતિ અવરોધ સર્જાય છે અને વાણી વિલાસ ન થાય એનો આપણને ભાન કરાવે છે.

જીવન વ્યવહારમાં ઘણા પ્રસંગો એવા હોય છે. જ્યાં બોલવા કરતાં ન બોલવામાં લાભ સમાયેલો હોય છે. ન બોલવાથી ઘણીવાર મોટી નુકસાનીમાંથી બચી જવાય છે. બેધડક બોલવાથી સામેવાળી વ્યક્તિને આવેશ આવે ઉશ્કેરાટ થાય, મતભેદ થાય કે ઉગ્રવાદ વિવાદ પણ થાય છે. જે ન બોલવાથી માત્ર મૌન રહેવાથી આવી પરિસ્થિતિ સર્જતી અટકે છે. તે છતાં એ પણ હકીકત છે કે જ્યાં બોલવાનું હોય ત્યાં ચૂપ રહેવાથી પણ નુકસાન થાય છે, આપણું કાં તો સામેવાળાનું. માટે જ માપસર બોલવું, માફકસર બોલવું અને સમય સંજોગોનો તકાદો સમજી વાણીનો વ્યય કરવું એ ઉત્તમ વ્યવહારની કૂંચી બની રહે છે.

અંતમાં એટલું જ કહેવાનું રહ્યું કે મૌન એક અસરકાર ભાષા માત્ર નથી એક અવ્યક્ત ભાષા છે અને અક્સીર જીવન વ્યવહારનું ઉત્તમ માધ્યમ છે. સુમેળ–સંકલન કરી આપતું સાધન છે. તે એક તપ સાધના સાથે જીવન ઉન્નતિ માટેનો ઉત્તમ ઉપાય છે. મૌન એ મનની સાથે મનની ઉર્જા સ્તોત્રનું સર્જન કરતું ઉત્તમ સાધન છે, સર્જન છે.

જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સારપનો સુખ અખૂટ હોય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સૌથી ભ્રષ્ટ વ્યક્તિ ગમે તે થાય પણ તે પોતે બેઈમાન છે એ ક્યારે કબૂલ નહીં કરે. વાતો ઈમાનદારીની કર્યા કરશે. વ્યવહારમાં કોઈ કોઈના પર વિશ્વાસ નથી કરતો, સૌ શંકા રાખયા કરે છે એ જ વાતો કર્યા કરશે. પોતાને ઘર કે ઓફિસ માટે નોકર જોઈતો હશે તો ઈમાનદાર, વિશ્વાસુ માણસ જોઈએ છીએ એમ કહેશે. ચોર બેઈમાન માણસ પણ સૌ પાસે ઈમાનદાર હોવાની શેખી મારે છે. ખરાબ માણસનું આખરી ધ્યેય તો સારા માણસ સજ્જન બનવાનું હોવાનું પણ મજબૂરી હોય છે કે આદત હોય છે એ સહેલાઈથી છૂટતી નથી. કુછંદને ચાળે ચડેલો ને વ્યસનમાં જકડાયેલો ગમે તેટલી મથામણ કરે પણ છંદ મુક્ત થઈ શકતો નથી. ગમે તેટલી મથામણ કરે પણ લાગી લત છૂટતી નથી. કુછંદ-વ્યસનને લતની નાગચૂડમાંથી છૂટવા પ્રબળ ઈચ્છા શક્તિ અને મન પર મજબૂત અંકુશ જોઈએ. તો જ ખોટા રવાડે ચડેલો વ્યક્તિ આમાંથી બહાર આવી શકે.

સારા અને પ્રામાણિક થવાનું કોને ગમે? કેટલાક માણસો ખરેખર સારા હોય છે તો કેટલાક આવો દેખાવ કરતાં હોય છે. ધાર્મિક વૃત્તિવાળાના મતે તેઓ આટઆટલી ભક્તિ, પૂજાને તપ કરે છે તો પણ શાંતિ થતી નથી, અંજપો રહ્યા કરવાની ફરિયાદ કરે છે. પોતાને પ્રામાણિક ગણતી વ્યક્તિઓ સુખી નથીની ફરિયાદ કરે છે. અન્ય બેઈમાની લોકો ખુશ છે. સુખમાં જીવે છે એની જ રટ માંડ્યા કરે છે. પણ જે નખશીખ સજ્જન છે એ આ પ્રકારની ગણત્રી માંડશે નહીં. તે આવા ફાયદા-ગેરફાયદાનો વિચાર કરશે નહીં તે પોતાની સારપને ધર્મ સમજશે, સંસ્કાર સમજશે અને એમાં જ સુખ સંતોષનો આનંદ અનુભવશે. લબાડ-બેઈમાન અને ભ્રષ્ટ આચરણ કરનારાઓ બહારથી સુખી ભલે દેખાતા હોય પણ અંદરથી વ્યથિત રહેતા હોય છે. ખોટું કામ કરનારાઓને વહેલું કે મોડું પરિણામ ભોગવવું પડે છે. તેમના જીવનમાં સતત અંજપો અને અશાંતિ રહ્યા કરતી હોય છે. અપ્રમાણિકતા અને બેઈમાની દુષ્કૃત્યોનો ઘડો ફૂટ્યા વગર રહેતો નથી.

ધર્મ કરવાથી શું મળશે કે સૌને પ્રેમ કરવાથી શું મળશે એવું જે વિચારે છે તે દુકાનદાર જેવો વ્યવહાર રાખે છે. પ્રેમમાં આપવાનું હોય, મેળવવાનું નહીં. ધર્મ અને ભક્તિનો સંતોષ આનંદ આપે છે. સારી વસ્તુઓને ગ્રહણ કરવી અને ખરાબ વસ્તુઓને છોડવી જોઈએ. જીવન પરિવર્તનશીલ છે. જે પળે પળે બદલાય છે. બધું કંઈ આપણી મરજી મુજબ થવાનું નથી. ખુલ્લું મન રાખીને કેટલીક વસ્તુઓનો સ્વીકાર કરવાનો હોય છે. આપણે કહીએ અથવા કરીએ તે સાચું છે એમ માનવાનું કોઈ કારણ નથી. આપણી જેમ બીજાઓ પણ સાચા હોઈ શકે છે. માણસ જેટલા બીજાને સમજવાનો પ્રયાસ કરે છે તેટલો પોતાને સમજે એ જરૂરી છે. પ્રેમ, મૈત્રી, કરૂણા જીવનના મુખ્ય સ્ત્રોતો છે. જેનાથી જીવન રંગીન બને છે, ફૂલ ગુલાબી બને છે અને ખુશી આનંદનો મેઘધનુષ રચાય છે.

બીજાના દુઃખમાં સૂર પૂરાવવું, બીજાના સુખને પોતાનું સમજીને રાજી થવું તેનાથી ઈર્ષા અદેખાઈ ન કરવી એ મુશ્કેલ બાબત છે. જે માણસ અંદરથી સુખી હશે તે બીજાના સુખનો સ્વીકાર કરે છે અને જે પોતે દુઃખી, અસંતોષી હશે તે બીજાનું દુઃખ જોઈને રાજી થશે. જે વ્યક્તિઓ નિઃસ્વાર્થ ભાવે દીન દુઃખીઓના, સંકટમાં સપડાયેલાઓના કષ્ટ કાપવામાં સહાયભૂત થાય છે, તેમને આ પરિસ્થિતિમાંથી ઉગારવામાં મદદરૂપ થાય છે. તેની આંખોના આંસુ લૂછે છે તેની ઉપર એક યા બીજા સ્વરૂપે પ્રભુની કૃપા કુદરતની મહેર વરસતી જ રહે છે. આ અમીધારા અવિરત હોય છે પણ અદ્રશ્ય હોય છે.

# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો







શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સહ વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહનું આયોજન રવિવાર, તા.૧૯ નવેમ્બર સવારે ૧૦ કલાકે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમાં રાખવામાં આવેલ. મુખ્ય અતિથિ રૂપે શ્રી પ્રવીણ માણેકજી મૈશેરી અને વિશિષ્ટ અતિથિ રૂપે શ્રી તરૂણ પ્રેમજી શાહ (ધમતરી) હતા સાથે મહાજન પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા યુવા મંડળના પ્રમુખ શ્રી વિરલ રાજેશ લોડાયા, મહિલા મંડળના અધ્યક્ષા સૌ.કલ્પના ચેતક લોડાયા સાથે મહાજનના ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, સચિવ શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા, કોષાધ્યક્ષ શ્રી હરીશ શીવજી લોડાયા ઉપસ્થિત રહ્યા હતા.













# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો





વિશેષ રૂપે પધારેલ સૌ.તેજલ રાજેશ લોડાયા ટ્રસ્ટી શ્રી અનંતનાથજી ટ્રસ્ટ-મુંબઈ, કે.ડી.ઓ.ક્લાસિકના પૂર્વ પ્રમુખ કન્વીનર દોસ્તી ગ્રુપના ડાયરેક્ટર શ્રી રાજેશ પ્રેમજી લોડાયા (મોટી સિંધોડી-મુંબઈ) પણ મંચ પર હાજર રહેલ શ્રી નવકાર મહામંત્ર, દીપ પ્રાગટ્ય, શ્રી કુંથુનાથ દાદા, શ્રી મહાકાલી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથાજી છબી પર માલ્યાપર્ણ, અતિથિના સ્વાગત તથા અધ્યક્ષ દ્વારા સ્વાગતગીત ઉદ્‌બોધન સાથે નૂતન વર્ષાભિનંદન અને પ્રેરણાદાયક સંદેશ આપેલ.

















# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો





ત્યારબાદ વિશિષ્ટ સમ્માન સમારોહ ૧) સંઘમાતા અ.સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર) ૨) માતુશ્રી વિજયાબેન ઉત્તમચંદ લોડાયા પરિવાર (સાંધવ-રાયપુર) ૩) શ્રી હીરાચંદ કુંવરજી મૈશેરી (નાની સિંધોડી-રાયપુર) ૪) શ્રી નરેન્દ્ર ગોવિંદજી મોમાયા (સાંયરા-રાયપુર) ૫) સૌ.પ્રીતિબેન યશવંત છેડા (વરાડીયા-ભાટાપારા)નું સમ્માન કરવામાં આવેલ. ગીતાબેન હરીશ શાહ મેડિકલ સહાય યોજનાના સ્વર્ણદાતા શ્રી ખીમજી નેણશી મોતા (વારાપધર-ભાટાપારા) રજત દાતા સ્વ.શ્રી રતીલાલ કેશવજી શાહ (જખૌ-રાયપુર), માતુશ્રી રાજબાઈ મેઘજી મોતા (લાલા-રાયપુર-ભિલાઈ) તથા શિક્ષા સહાય ફંડમાં લાભાર્થી માતુશ્રી પ્રેમીલાબેન ચાંપશી નાગડા હસ્તે માતુશ્રી હંસાબેન ભરત ચાંપશી નાગડા પરિવાર (નલિયા-રાયપુર)નું બહુમાન કરવામાં આવેલ.











# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો









શ્રી સરસ્વતી સમ્માનમાં આ વર્ષે પરીક્ષામાં પાસ થયેલ સર્વે વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ કરવામાં આવેલ સાથે કંદમૂળનું આજીવન ત્યાગ કરનાર ૨૬ જણનું સન્માન કરવામાં આવેલ. યુવા મંડળ દ્વારા ફટાકડા ન ફોડવા બદલ ૧૧ બાલક-બાલિકાઓનું સન્માન કરવામાં આવેલ. સૌ. તેજલબેન રાજેશ લોડાયાએ સર્વેને નૂતન વર્ષની શુભકામનાઓ આપેલ સાથે શિક્ષા સહાય ફંડમાં માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ પ્રેમધન ફાઉન્ડેશન (મોટી સિંધોડી-મુંબઈ)ના નામે રૂા.૫,00,000 એકે રૂપિયા પાંચ લાખનું દાન જાહેર કરેલ અને હવેથી આ નામે કાયમી શિક્ષા સહાય ફંડ નામ રહેશે. સાથે મેડિકલ ફંડમાં સ્વર્ણ દાતા રૂપે રૂા.૧,00,000 એકે રૂપિયા એક લાખનું દાન આપેલ. સૌ.દેવયાનીબેન નરેન્દ્ર જૈન રાજપિપણાવાલા હાલે દુબઈના નામે મેડિકલ ફંડમાં રૂા.૧,00,000નું દાન આપેલ તેની સર્વે જ્ઞાતિજનોએ કરતલ ધ્વનિથી સ્વાગત કરેલ.









# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો









સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન સૌ.હેમલ મનીષ લોડાયા અને સૌ.ટીના કપિલ મૈશેરીએ ખૂબજ સુંદર રૂપે કરેલ. કાર્યક્રમના અંતમાં શ્રી હરિશ શીવજી લોડાયાએ સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષની શુભકામના આપી સાથે સર્વેનું ખૂબ ખૂબ આભાર માનેલ અને સર્વેને ભોજન ગ્રહણ કરવા માટે આમંત્રણ આપેલ.









# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો

















# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો

















# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો











## છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન યુવા મંડળ રાયપુર દ્વારા યુવા મંડળની સ્થાપના દિવસ

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ રાયપુર દ્વારા યુવા મંડળની સ્થાપના દિવસે તા.૪ નવેમ્બર ૨૦૨૩ શનિવારે સાંજે યુવા મંડળના સર્વે પદાધિકારીઓ અને મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. મહાજનશ્રી દ્વારા પ્રેરક ઉદ્‌બોધનમાં સર્વે સાથિયોને યુવા મંડળના ૩૪મું સ્થાપના દિવસની હાર્દિક શુભકામના આપેલ અને યુવા મંડળ ઉત્તરોત્તર પ્રગતિના માર્ગે આગળ વધે અને સર્વેને વધાઈ આપેલ અંતમાં સર્વેને મિષ્ઠાન વિતરણ કરવામાં આવેલ.





# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો











## છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા નૂતન વર્ષ ઉદ્‌ઘાટન

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા સોમવાર તા.૧૩ નવેમ્બર ૨૦૨૩ સવારે શુભ મુહૂર્તે ૫.૩૨ કલાકે નૂતન વર્ષના માંગલિક દ્વારા ઉદ્‌ઘાટન સકલ સંઘ સાથે કરવામાં આવેલ. આ વર્ષના જિનાલયના માંગલિક દ્વારા ઉદ્‌ઘાટનના લાભાર્થી શ્રી છત્તીસગઢ, કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ રાયપુર હતા. ત્યારબાદ શ્રી ગૌતમસ્વામીનું રાસ વાંચન કરવામાં આવેલ.

શુક્રવાર, તા.૧૭ નવેમ્બર લાભ પાંચમના શુભ દિવસે શ્રી જ્ઞાન સ્થાપના કરવામાં આવેલ.







# છત્તીસગઢ કચ્છી ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલિ મિલન સાથે વિદ્યાર્થી અભિનંદન સન્માન સમારોહ યોજાયો









**આજીવન કંદમુલ ત્યાગ :** શ્રી કિશોર મેઘજી મોતા, સૌ.કાશ્મીરા કિશોર મોતા, શ્રી મહેન્દ્ર પાનાચંદ લોડાયા, સૌ. પ્રભા મહેન્દ્ર લોડાયા, શ્રી ધવલ મહેન્દ્ર લોડાયા, સૌ. રુહી ધવલ લોડાયા, ચિ.શૌર્યા ધવલ લોડાયા, ચિ.કાર્થી ધવલ લોડાયા, સૌ.લતા મહેશ શાહ, શ્રી વાલજી ખેતશી જીવાણી, સૌ.પ્રવીણા સતીશ છેડા, સૌ.રાજુલા ભૂપેશ શાહ-ધમતરી, માતુશ્રી સુરેખા બંકિમચંદ શાહ-ધમતરી, માતુશ્રી સુશીલા વીરચંદ વિકમશી, માતુશ્રી પ્રેમીલાબેન ચાંપશી નાગડા, માતુશ્રી ગુણવંતી ખીમજી મૈશેરી, શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, સૌ. મીના ઉત્તમચંદ મૈશેરી, ચિ. પ્રિયાંશ મિલન મૈશેરી, સૌ. મિત્તલ નિખિલ નાગડા, ચિ.જિયા નિખિલ નાગડા, સૌ. ભાવના કીર્તિ પોલડિયા, ચિ. કિરણ કીર્તિ પોલડિયા, શ્રી મોતીચંદ કમરશી શાહ, સૌ. રૂપાલી લિતેશ મોતા-ભિલાઈ





# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank

# ચાલીસગામ નગર ખાતે હર્ષોલ્લાસ સાથે દ્વાર ઉદ્ઘાટન થયું





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ મધે કારતક સુદ ૧ સોમવાર તા.૧૩ નવેમ્બરના સવારના ૪.૪૫ કલાકે શ્રી સકલ સંઘની દેરાસરની ડેલીમાં ભવ્ય ઉપસ્થિત સાથે લાભાર્થી પરિવાર શિવજી શામજી રતાણી પરિવાર તેરા, ચાલીસગામના નિવાસસ્થાને ગયા ત્યાંથી શ્રી સકલ સંઘ વાજતે ગાજતે દેરાસર પધારી પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. ઠાણા ૪ની પરમ પાવન નિશ્રામાં સવારના ૫.૩૦ કલાકે શ્રી પ્રભુનો દ્વાર ઉદ્ઘાટન થયું. સવારના ૬.૩૦ કલાકે શ્રી ગૌતમ સ્વામિનો પક્ષાલ તથા કેવલજ્ઞાન દિવસ નિમિત્તે મહામાંગલિક રાસ જે વર્ષમાં ફક્ત એક વખતે જ પક્ષાલ તથા રાસ થાય છે. સવારના ૭ કલાકે શ્રી માંગલિક ૭.૩૦ કલાકે શ્રી સકલ સંઘની નવકારશી થઈ.



નવ વર્ષના પ્રથમ દિવસની પ્રાતઃ કાળે સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.





# કાંજુરમાર્ગ સંઘના શ્રી વિમલનાથજી ગૃહજિનાલયના દ્વાર ઉદ્‌ઘાટન વિધિ થઈ





તા.૧૩ નવેમ્બર સોમવાર અચલગચ્છ સમાચારી પ્રમાણે વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક સુદ એકમના સંઘની પરંપરા પ્રમાણે વહેલી સવારે મ.સા. શ્રી ગૌતમ સ્વામીનો રાસ વાંચે છે તથા જિનાલયના દ્વાર ઉદ્‌ઘાટન ચડાવા-નકરાથી કરવામાં આવે છે. એ પરંપરા અનુસાર વિક્રમ સંવતના પ્રથમ દિને પ્રાતઃ કાળે કાંજુરમાર્ગ સ્થિત શ્રી વિમલનાથજી ગૃહજિનાલયના દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ શ્રી અનંતનાથ મહિલા મંડળ કાંજુરમાર્ગની બહેનોએ લીધેલ.



# રાપરગઢવાળી નગરે શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પાવન પ્રતિષ્ઠાના અવસરે ગુજરાતના રાજ્યપાલને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર દ્વારા આગોતરું આમંત્રણ અપાયું

સદીઓના ઈતિહાસમાં સૌ પ્રથમવાર માદરે વતન કચ્છના ધીંગા અને ધરખમ ગામ અબડાસા તાલુકાના રાપર ગઢવાળીની ધર્મ ધન્ય ધરાપર બેનમુન કોતરણી યુક્ત જાજરમાન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયની પાવન પ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે પધારવાનું આગોતરું આમંત્રણ. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારના હિતેશભાઈ માણેકજી મોતા, શ્રીમતી નીશાબેન મોતા તથા પારસભાઈ પદમશી મૈશેરી દ્વારા અપાયું.




| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સુથરી તીર્થે જ્ઞાન પાંચમની આરાધના કરાઈ



અબડાસા પ્રદેશ વિભાગના સુથરી તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં જ્ઞાન પાંચમ પર્વની આરાધના કરવામાં આવી હતી. સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકાઓ સહભાગી થઈ ધન્ય લાભ લીધો હતો.



# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયનો દ્વાર ઉદ્‌ઘાટન ભવ્ય ભાવ સાથે થયો

દક્ષિણ ભારત વિભાગના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયનો દ્વાર ઉદ્‌ઘાટન વિધિ વિક્રમ સંવત ૨૦૮૦ના કારતક માસની ૧ તિથિ દિને સોમવાર, તા.૧૩ નવેમ્બર સવારે ૬.૧૫ કલાકે લાભાર્થી પરિવાર હંસરાજ વેરશી નાગડા પરજાઉ-તિરૂપુર દ્વારા થઈ. લાભાર્થી પરિવાર તરફથી સંઘ પૂજન કરાયેલ. આ અવસરે સારી સંખ્યામાં સંઘના ભાવિક ભાઈ-બહેનો ભાગ લીધેલ.

# શ્રી નલિયા નગર સંઘમાં જ્ઞાન પાંચમ નિમિત્તે આરાધના કરાઈ





અબડાસા પ્રાંતના શ્રી નલિયા નગરે જ્ઞાન પાંચમ નિમિત્તે ચાતુર્માસ બિરાજમાન પરમ પૂજ્ય સાધ્વીશ્રી અમિતયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી દેવપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં આરાધના કરવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકો ઉપસ્થિત રહી ભક્તિ આરાધનાનો ધર્મ લાભ લીધો હતો.






॥ જયશ્રી ભલારાદાદાયે નમઃ ॥

# પ. પૂ. શ્રી ભલારા દાદા દેવાલય (સુથરી)

નાકા બહારનું સ્થાન

સુથરી – કચ્છ.

## આવક – જાવક ખાતું : ૧/૪/૨૦૨૨ થી ૩૧/૩/૨૦૨૩ સુધીનું

| જ | | ઉ | |
|---|---|---|---|
| 2056.00 | અખંડ દિપક આવક | 36000.00 | પગાર ખર્ચ |
| 9832.00 | બેન્ક વ્યાજના | 5110.00 | પેડી / પ્રસાદ ખર્ચ |
| 303703.00 | સાધારણ આવક | 11741.00 | અખંડ દિપક ખર્ચ |
| 4466.00 | પેડી પ્રસાદની આવક | 17700.00 | બગીચા ખર્ચ / પગાર |
| 500.00 | ગાયોના અવાડાની આવક | 31060.00 | દેવાલય ખર્ચ |
| 100.00 | ગાયોના ચારાની આવક | 2435.00 | પરચુરણ ખર્ચ |
| 550.00 | પક્ષીના ચણની આવક | 12035.00 | ગાયોના અવાડા ખર્ચ |
| 553.00 | કુતરાના રોટલાની આવક | 3000.00 | એકાઉન્ટીંગ ફી ખર્ચ |
| 11073.00 | પાઠની આવક | 112.00 | બેંક ચાર્જીસ |
| 6850.00 | ભંડારા આવક | 2124.00 | લોકર રેન્ટ |
| | | 660.00 | પોસ્ટેજ / કુરીયર ખર્ચ |
| | | 170050.00 | રીપેરીંગ ખર્ચ |
| | | **2,92,027.00** | |
| | | + **47,656.00** | નેટ નફો |
| **3,39,683.00** | | **3,39,683.00** | |

## પાકું સરવૈયું સાલ ૨૦૨૨–૨૦૨૩

| જ | | | ઉ | |
|---|---|---|---|---|
| 48,700.00 | ***ટ્રસ્ટ ફંડ અને જવાબદારી*** | | 15,69,558.00 | ***સ્થાવર મિલ્કત*** |
| 1,32,637.00 | ***અખંડ જયોત કાયમી તીથી ફંડ*** | | 1,33,116.00 | બેન્ક ઓફ બરોડા, કોઠારા ફીકસડ ડીપોઝીટ |
| | ગઈ સાલની બાકી | 1,30,637.00 | 2,30,432.00 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ ફીકસડ ડીપોઝીટ |
| | ચાલુ સાલે દાન | 2,000.00 | 6,900.00 | ડીપોઝીટ – ગેસ કનેકશન |
| 2,25,842.00 | ***પેડી પ્રસાદ કાયમી તીથી*** | | 7,920.00 | ચાંદીના દાગીના |
| | ગઈ સાલની બાકી | 2,24,742.00 | 27,600.00 | ડેડ સ્ટોક ફર્નિચર |
| | ચાલુ સાલે દાન | 1,100.00 | 5,500.00 | ઈલેકટ્રીક મોટર |
| 16,11,594.00 | ***ઉપજ ખર્ચ ખાતું*** | | 17,105.00 | મંદીરના સાધન |
| | ગઈ સાલની બાકી | 15,63,938.00 | 7,317.00 | વાસણ |
| | ચાલુ સાલે આવકનો વધારો | 47,656.00 | 14,955.00 | સબમર્શીબલ પમ્પ |
| 20,000.00 | ***શ્રી ગાયોના અવાડા કાયમી તિથી ફંડ*** | | 9,603.00 | ઓફ બરોડા કોઠારા બચત ખાતે. |
| | ગઈ સાલની બાકી | 15,000.00 | 1,08,427.00 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ભુજ બચત ખાતે. |
| | ચાલુ સાલે દાન | 5,000.00 | 1,005.00 | રોકડ પુરાંત હાથ પર |
| 16,665.00 | ***શ્રી ગાયોના ચારા કાયમી તિથી ફંડ*** | | | |
| | ગઈ સાલની બાકી | 11,110.00 | | |
| | ચાલુ સાલે દાન | 5,555.00 | | |
| 3,000.00 | ***શ્રી કુતરાના રોટલા કાયમી તિથી ફંડ*** | | | |
| | ગઈ સાલની બાકી | 2,000.00 | | |
| | ચાલુ સાલે દાન | 1,000.00 | | |
| 4,000.00 | ***શ્રી પક્ષી ચણ કાયમી તિથી ફંડ*** | | | |
| | ગઈ સાલની બાકી | 2,000.00 | | |
| | ચાલુ સાલે દાન | 2,000.00 | | |
| 77,000.00 | ***શ્રી સાધારણ કાયમી તિથી ફંડ*** | | | |
| | ગઈ સાલની બાકી | 44,000.00 | | |
| | ચાલુ સાલે દાન | 33,000.00 | | |
| **21,39,438.00** | | | **21,39,438.00** | |

# અંકલેશ્વર સંઘમાં શ્રી સિધ્ધચક્ર મહાપૂજનની ધર્મ આરાધના થઈ






તા.૧૮ નવેમ્બર શનિવાર અને તા.૧૯ નવેમ્બર રવિવારના રોજે પ.પૂ. સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં ગુજરાત રાજ્યના અંકલેશ્વર સંઘમાં વિધિકાર ચિરાગ ખુશાલભાઈ સંગોઈના સથવારે અદ્‌ભૂત ભાવ સાથે શ્રી સિધ્ધચક્ર મહાપૂજનનું ભવ્ય આયોજન સંપન્ન થયું.














# ભાવભીની શ્રદ્ધાંજલિ



મધુરીબેન પનપારીયા
તા.૧૧ નવેમ્બર (ઉ.૬૮)
નાગ્રેચા-ડોંબિવલી



જમકુબાઈ મોમાયા
તા.૧૩ નવેમ્બર (ઉ.૯૨)
વરાડીયા-ચેમ્બુર



માધુરીબેન ડાઘા
તા.૧૩ નવેમ્બર (ઉ.૭૫)
વરાડીયા-થાણા



નવલબેન મોતા
તા.૧૪ નવેમ્બર (ઉ.૭૪)
રાપરગઢ-ડોંબિવલી




લહેરચંદભાઈ શિયાલ
તા.૧૫ નવેમ્બર (ઉ.૮૧)
જખૌ-મુલુંડ



દેવ્યાનીબેન મૈશેરી
તા.૧૫ નવેમ્બર (ઉ.૭૨)
કોઠારા-દહિસર



નંદાબેન લોડાયા
તા.૧૮ નવેમ્બર (ઉ.૫૬)
મોટી ખાવડી-મુલુંડ



રાયચંદભાઈ મૈશેરી
તા.૧૮ નવેમ્બર (ઉ.૭૯)
વાંકુ-કોચીન

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Address: B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● તાજેતરમાં તરણેતર મેળામાં યોજાયેલા પશુ મેળામાં ભુજ તાલુકાના ઢોરી ગામના માલધારી રણછોડભાઈ વાલજી ગાગણની બન્ની નસલની કારી કુંઢી ભેંસને રૂા.૫૧ હજારનો રોકડનો રોકડ પુરસ્કાર અને ચેમ્પિયન ઓફ શોની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. થોડા વર્ષ પૂર્વ કચ્છની બન્નીની ખાસ ઓલાદ તરીકે કારી કુંઢી પ્રજાતિની ભેંસને માન્યતા આપવામાં આવી છે.

● એક સમયે પરંપરાગત રીતે દેશી ધાન્ય પકવતી અબડાસા વિસ્તારની ખેતીવાડીમાં પરપ્રાંતીય ખેડૂતોના આગમન પછી હવે બાગાયત ખેતીથી માંડી સૌથી વધુ કપાસનું ઉત્પાદન થવા માંડ્યું છે. આ વખતે અંદાજિત ૪૦ હજાર એકરમાં કપાસનું વાવેતર થયું છે. દર વર્ષ લાખો ટન કપાસ અબડાસાથી બહાર નીકળી જીનિંગ મિલોમાં પહોંચે છે. તેમજ આ કપાસમાંથી બનતા દોરા દેશ વિદેશની બ્રાન્ડેડ વસ્ત્રો બનવાતી કંપનીઓના ગોડાઉનમાં કે વેલસ્પન જેવી મોટી કંપનીના ટુવાલ સહિતની બનાવટમાં ઉપયોગી બને છે. કપાસના કાલામાંથી કપાસિયા છૂટા પાડી કપાસિયા તેલનો મોટો જથ્થો પણ નીકળે છે. ઉપરાંત તે બાદ કપાસિયા ખોળનું ઉત્પાદન થતું હોવાથી તે પશુ આહારમાં વપરાય છે. અબડાસાના કનકપર વાડી વિસ્તાર, વાંકુ, સિંધોડી, વાડા પધ્ધર, પરજાઉ, લાલા, વરાડિયા, કોઠારા, ડુમરા, નુંધાતડ, હાજાપર સહિતના ખેતીવાડી વિસ્તારમાં ૧૦ લાખ મણનું ઉત્પાદન થશે.

● પર્યાવરણની સાથોસાથ માનવ જીવન પર ગંભીર નકારાત્મક અસર કરતાં કોનો કાર્પસના રોપા ઉછેર પર વન વિભાગ દ્વારા પ્રતિબંધ મૂકાયો છે. વન વિભાગે આ અંગે વિશેષ પરિપત્ર બહાર પાડી સંબંધિત તમામને અમલવારી કરવાની સૂચના આપી છે. કોનો કાર્પસના મૂળ જમીનમાં ઊંડે સુધી ગયા બાદ વિકાસ પામતા હોવાથી પાણી, સંદેશા વ્યવહાર ગટર લાઈન સહિતને નુકશાન પહોંચાડે છે. આ વૃક્ષમાં શિયાળાની ઋતુમાં ફૂલ આવે છે. જેની પરાગ રજ આજુબાજુના વિસ્તારમાં ફેલાતી હોવાથી નાગરિકોને શરદી, ઉંધરસ, અસ્થમા, એલર્જી જેવા રોગ થવાની પ્રબળ શક્યતા રહેતી હોય છે. કોનો કાપર્સના વાવેતર અને તેની આડઅસરો બાબતે વન તંત્ર દ્વારા જાગૃતિ કાર્યક્રમો શિબિર યોજવામાં આવશે. ભારતમાં તેલંગાણા સરકારે જ્યારે વિદેશમાં કુવૈત, કતાર અને દુબઈ જેવા દેશોએ આ છોડની આયાત પર પ્રતિબંધ મૂકી દીધો છે.

● પાગલમાં પરમાત્માના દર્શન કરતાં અને પાગલોને નવજીવન આપતા રસ્તે રઝળતા મસ્તરામોના બેલી કહેવાતા મૂળ સામખિયાળીના દયારામ મારાજ મુંબઈના મલાડમાં કપડાનો વ્યવસાય કરતા હતા. ધંધામાં ખોટ આવી લેણું વધયું. ઘર ઘરેણાં, દુકાન વેંચી લેણું ચૂક્યું. તેમ છતાં પાંચ લાખ રહી ગયા. આ હાલતમાં તેઓ ખુદ દોઢ બે વર્ષ માનસિક બીમાર રહ્યાં. દવા-દુઆઓ પછી સારંગપુર કષ્ટ ભજન હનુમાનજીની કૃપાથી હાલત સુધરી. કપડાના વેપારીઓએ મદદ કરી વર્ષ ૨૦૦૩માં પુનઃવેપાર શરૂ કર્યો. કોઈ માનસિક તાણવાળી વ્યક્તિને જોતાં જ પોતાની કપરી હાલત યાદ આવતી. પોતે ભોગવેલ હાલતને સમજી માનસિક દિવ્યાંગોની સેવા મદદ કરતાં અગાઉ બધું ગુમાવેલ પાછું કમાવ્યું જે પાછું બધું વેંચી ધંધો નાના ભાઈને સોંપી કચ્છ અંજારમાં સ્થાયી થયાં. અહીં દુકાન શરૂ કરી. એક જગા ભાડે રાખી પાગલોની સુશ્રુષા કરી નવડાવી સાફ સૂથરા કરી જમાડે છે. દવા સારવાર કરી મુંબઈની સંસ્થામાં મૂકે છે. દોઢ દાયકાથી ચલાવતા આ સેવાયજ્ઞમાં બે હજાર જેટલી વ્યક્તિઓને તેમના ઘરે પહોંચાડ્યા છે.

● કચ્છની પૂર્વ અને પશ્ચિમની મુખ્ય જેલોમાં ક્ષમતા સાથે વધુ કે ઓછા કેદીઓને રખાયા છે તેમજ તેમની સુરક્ષા માટે જરૂરી સ્ટાફ પણ ઓછો છે. રાજ્યની અન્ય જેલોની માફક પૂર્વ કચ્છની ગળપાદર જેલમાં ક્ષમતાથી ૭૨ ટકા વધુ કેદી સજા ભોગવી રહ્યાં છે. એટલે કે ૨૫૦ જણની વ્યવસ્થા સામે ૩૪૮ ગુનેગાર છે. તો પશ્ચિમની પાલારા જેલમાં ૫૩૦ કેદીની ક્ષમતા સામે ૪૨૬ કેદીઓ સજા ભોગવી રહ્યાં છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA